<u>:: વેચાણ દસ્તાવેજ ::</u>

....

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ **ગાંધીનગરના** મોજે **કોબા** ગામની સીમમાં આવેલ **ખાતા નંબર : ૨૩** ના **બ્લોક/સર્વે નંબર : ૨૦૬/૧** ની હે.આરે.૦-૭૧-૭૫ ચો.મી. જમીન કે જેનો **ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧ માં** સમાવેશ થતાં ફાળવવામાં આવેલ **ફાઈનલ પ્લોટ નંબર : ૪૮ ની ૪૬૬૩ ચો.મી** રહેણાંક હેતુ માટેની બીનખેતીની જમીનમાં મુકવામાં આવેલ **''સહર્ષ વિલા''** નામની સ્કીમમાં બાંધવામાં આવેલ બંગલોઝ પૈકી બંગલોઝ નંબર : .... નો અઘાટ વેચાણ દસ્તાવેજ **રૂા....................../-** **અંકે** **રૂપિયા** **.......** **.. પુરાનો**

....

<u>એકતરફવાળા :</u>		**મેસર્સ આરવ ડેવલોપર્સ એ નામની ભાગીદારી પેઢી**
<u>વેચાણ આપનાર</u>		**વતી અને તરફથી તેના ભાગીદારો**
<u>લખી આપનાર</u>		**(પેઢીનો પાન નં.** ABUFA4543R)

૧. કમલેશભાઈ વરવાભાઈ પટેલ
ઉ.વ.૪૬,ધંધોઃ વેપાર,ધર્મે : હિન્દુ,
રહે.૭, બંસરી બંગ્લોઝ, પેથાપુર, ગાંધીનગર
પાન નં. APAPP7777G

૨. પટેલ ચેતનકુમાર પુરસોત્તમદાસ
ઉ.વ.૩૪, ધંધોઃ વેપાર,ધર્મે : હિન્દુ,
રહે.૪, ન્યુ વિદ્યા વિહાર સોસાયટી,
રામજીમંદિર રોડ, રાણીપ, અમદાવાદ.
પાન નં. ANHPP1781D

‘‘જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ‘‘એકતરફવાળા’’ અથવા ‘‘વેચાણ આપનાર’’ અથવા ‘‘લખી આપનાર’’ તરીકે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં એકતરફવાળા સદરહું પેઢી તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા તેઓના વંશ, વાલી, વારસો, એસાઇનીઓ, વિગેરે તમામનો સમાવેશ થયેલ ગણાશે.’’

<u>બીજીતરફવાળા :</u> ૧. **..**
<u>વેચાણ લેનાર</u> ઉ.વ. ......,ધંધો : ....,ધર્મેઃ હિન્દુ,
<u>લખાવી લેનાર</u> પાન નં...

૨. **..**
ઉ.વ. ......,ધંધો : ....,ધર્મેઃ હિન્દુ,
પાન નં...
બંન્ને રહે. ....
....

‘‘જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ‘‘બીજીતરફવાળા’’ અથવા ‘‘વેચાણ લેનાર’’ અથવા ‘‘લખાવી લેનાર’’ તરીકે સંબોધવામાં આવશે.જે શબ્દના અર્થમાં

લખાવી લેનારનો તેમજ તેમના વંશ, વાલી, વારસો, એસાઇનીઝ, એકઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, સકસેસર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થયેલ ગણાશે.''

(૧) જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ **ગાંધીનગરના** મોજે **કોબા** ગામની સીમમાં આવેલ **ખાતા નં.૨૩** ના **બ્લોક/સર્વે નં.૨૦૬/૧** ની હે.આરે.૦-૭૧-૭૫ ચો.મી. ક્ષેત્રફળ પૈકી **૪૬૬૩.૭૫ ચો.મી.** જમીન કે જેનો **ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧ માં** સમાવેશ થતાં ફાળવવામાં આવેલ **ફાઈનલ પ્લોટ નં.૪૮ ની ૪૬૬૩ ચો.મી.** રહેણાંક હેતુ માટેની બીનખેતીની જમીન વેચાણ આપનારના માલિકી કબજા ભોગવટામાં આવેલ છે. રેવન્યુ રેકર્ડે અમો લખી આપનારની પેઢીનું નામ માલિક કબજેદાર તરીકે ચાલે છે. જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં ''મજકુર જમીન'' એ રીતે સંબોધવામાં આવેલ છે.

(૨) સદરહું જમીનના મુળ માલિક કચરાભાઈ રામદાસ હતા તેઓનું તા.૦૫/૧૨/૧૯૬૯ ના રોજ અવસાન થતા તેઓના કાયદેસરના અને સીધીલીટીના વારસદારો તરીકે (૧)ભુપેન્દ્રભાઈ કચરાભાઈ, (૨) ભગવતીબેન કચરાભાઈ, (૩) મંજુલાબેન કચરાભાઈ તથા (૪) મેનાબેન તે કચરાભાઈ રામદાસની વિધવાના નામો વારસાઈ હક્કે દાખલ થયેલ.જે અંગેની રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોધ નં.૧૪૨૯ થી જે તે ઓથોરીટી દ્વારા તા.૨૧/૦૫/૧૯૭૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ રેવન્યુ ઓથોરિટી દ્વારા મંજુર કરવામાં આવેલ.

(૩) ત્યારબાદ સદરહું જમીનના સહ ખાતેદાર મેનાબેન કચરાભાઈનું તા.૧૬/૦૭/૨૦૦૦ ના રોજ અવસાન થતા તેઓનું નામ રેવન્યુ રેકર્ડમાંથી કમી કરવામાં આવેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોધ નં.૨૭૯૩ થી જે તે ઓથોરીટી દ્વારા તા.૦૩/૦૪/૨૦૦૧ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ રેવન્યુ ઓથોરિટી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ.

(૪) ત્યારબાદ સદરહું જમીનના અન્ય સહ ખાતેદારો (૧) ભગવતીબેન કચરાભાઈ તથા (૨) મંજુલાબેન કચરાભાઈએ પોતાનો કાયમી હકક, હિત, હિસ્સો સ્વેચ્છેઆ પોતાની મરજીથી તેઓના સગા ભાઈ ભુપેન્દ્રભાઈ કચરાભાઈની તરફેણમાં જતો કરેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોધ

નં.૩૪૨૭ થી જે તે ઓથોરીટી દ્વારા તા.૧૯/૦૪/૨૦૦૮ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ રેવન્યુ ઓથોરિટી દ્વારા તા.૧૩/૦૬/૨૦૦૮ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

(૫) ત્યારબાદ સદરહું જમીનના ખાતેદાર ભુપેન્દ્રભાઈ કચરાભાઈએ તેઓની હયાતીમાં તેમના કાયદેસરના અને સીધીલીટીના વારસદારો તરીકે (૧) મધુબેન ભુપેન્દ્રભાઈ પટેલ, (૨) રેશ્માબેન ભુપેન્દ્રભાઈ પટેલ, (૩) જિતેશકુમાર ભુપેન્દ્રભાઈ પટેલ તથા (૪) દર્પણકુમાર ભુપેન્દ્રભાઈ પટેલના નામો વારસાઈ હક્કે દાખલ કરવામાં આવેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોધ નં.૪૨૭૮ થી જે તે ઓથોરીટી દ્વારા તા.૧૪/૦૩/૨૦૧૨ ના રોજ દાખલ કરવામાં આવેલ છે.જે નોંધ રેવન્યુ ઓર્થોરિટી દ્વારા તા.૧૧/૦૫/૨૦૧૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

(૬) ત્યારબાદ સદરહું જમીનના સહ ખાતેદાર રેશ્માબેન ભુપેન્દ્રભાઈ પટેલનાએ પોતાનો કાયમી હકક, હિત, હિસ્સો સ્વેચ્છાએ પોતાની મરજીથી અન્ય ખાતેદારોની તરફેણમાં જતો કરેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોધ નં.૪૩૬૭ થી જે તે ઓથોરીટી દ્વારા તા.૨૯/૧૦/૨૦૧૨ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ રેવન્યુ ઓથોરિટી દ્વારા તા.૨૮/૦૨/૨૦૧૩ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

(૭) ત્યારબાદ સદરહું જમીનના કુલ હે.આરે.ચો.મી.૦-૭૧-૭૫ ક્ષેત્રફળ પૈકી ૪૬૬૩.૭૫ ચો.મી. ની જમીન કલેકટરશ્રી ગાંધીનગરના તા.૧૧/૦૨/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : ૩૨૭/૦૬/૦૩/૦૫૪/૨૦૨૦ થી બિનખેતીમાં રૂપાંતરીત કરવામાં આવેલ. જે અંગેની રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોધ નં.૫૫૭૮ થી જે તે ઓથોરીટી દ્વારા તા.૧૧/૦૨/૨૦૨૦ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. જે નોંધ રેવન્યુ ઓથોરિટી દ્વારા તા.૧૬/૦૩/૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ.

(૮) સદરહું ખાતા નં.૨૩ ના **બ્લોક/સર્વે નં. ૨૦૬/૧ , ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧ ની ૪૬૬૩.૭૫ ચો.મી.** બીનખેતીની જમીન ઉપર રહેણાંક હેતુ માટે યુનિટોના બાંધકામ કરવા બાબતે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ(ગુડા) માં અરજી કરતા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ, જુનીયર નગર

નિયોજક દ્વારા વિકાસ પરવાનગી નં............................... તા.................... ના રોજ બાંધકામ પરવાનગી મંજુર કરવામાં આવેલ છે તથા તે મંજુર થયેલ પ્લાન મુજબ એકતરફવાળાએ સદરહું જમીન ઉપર **''સહર્ષ વિલા''**નામની રહેણાંક હેતુ માટે યુનિટોની યોજના મુકેલ છે (જેને હવે પછી આ કરારમાં સદરહું જમીન અગર મજકુર સ્કીમ એ રીતે સંબોધવામાં આવેલ છે)

ત્યારબાદ વેચાણ આપનારે સદરહું સ્કીમમાં બાંધકામના વપરાશની પરવાનગી મેળવવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળમાં અરજી નંબર : ....થી અરજી કરતાં ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા તા................ના રોજ બાંધકામ વપરાશની પરવાનગી આપવામાં આવેલ છે.

(૯) વેચાણ આપનારે સદરહું યોજનાની નોંધણી ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ની જોગવાઈઓને આધીન રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી સમક્ષ રજીસ્ટ્રેશન નંબર.PR/GJ/ GANDHINAGAR/................થી તા...............ના રોજ કરાવેલ છે.

(૧૦) વેચાણ લેનારે વેચાણ આપનારની સદરહું સ્કીમની સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લીધેલ છે અને સદરહું સ્કીમનાં બાંધકામની ગુણવત્તા અને વેચાણ આપનારના પ્રતિનીધી સાથે મજકુર જમીન તથા આ વેચાણ દસ્તાવેજથી વેચાણ કરવામાં આવેલ મજકુર મિલકત પરત્વેના રાઈટ ટાઈટલ કલીયર અંગે કાયદાના જાણકાર વ્યક્તિ મારફતે તપાસ કરાવેલ છે. અને મજકુર સ્કીમના બાંધકામના એન.એ. ઓર્ડર, પ્લાન, વિકાસ પરવાનગી/રજા ચિઠ્ઠી, તેમજ યુનિટોના ક્ષેત્રફળ વિગેરેની જાણકારી વેચાણ આપનાર પેઢીના પ્રતિનીધી દ્વારા વેચાણ લેનારને બતાવવા અને સમજાવવામાં આવેલ છે. ઉપરાંત મજકુર સ્કીમના કોમન ફેસીલીટીઝ સંબધી વીજળી, પાણી, ગટર, લીફ્ટ, પાર્કીંગ વિગેરેની કોમન સુવિધાઓ બાબતે તથા સદરહું સમગ્ર સ્કીમમાં વાપરવામાં આવનાર માલ મટીરીયલ્સ જેવા કે સિમેન્ટ, ઈંટો, લોખંડ, ગ્રીટ, કપચી, હાર્ડવેર, રેતી વિગેરે અંગેની સંપૂર્ણ માહિતી તથા યુનિટના માપ તથા તેના હિસ્સાના વણવહેંચાયેલા હિસ્સાની જમીન તથા કોમન ફેસેલીટીના બાંધકામ

તથા તે પ્રમાણે સદરહું સ્કીમમાં આવેલ યુનિટની કુલ કિંમતની ચુકવણી અંગેની સમય મર્યાદા અંગેની સંપૂર્ણ માહિતી પણ વેચાણ આપનારના પ્રતીનિધી દ્વારા વેચાણ લેનાર (મેમ્બર) ને આપવામાં તથા સમજાવવામાં આવેલ છે અને તે રીતે વેચાણ લેનારએ સદરહુ વેચાણ આપનાર દ્વારા બાંધવામા આવેલ મજકુર સ્કીમના તમામ નિતી-નિયમોનું પાલન કરવાની રાજીખુશી અને સ્વેચ્છાથી સ્વીકારીને સદરહું સ્કીમમાં બાંધવામાં આવેલ બંગલોઝ નં. .... ની .... ચો.મી. જમીન તથા મજકુર સ્કીમમાં આવેલ સહીયારા રસ્તા અને કોમન પ્લોટમાં આવેલ વગર વહેંચાયેલા હિસ્સાની .... ચો.મી. જમીન એમ મળી કુલ .... ચો.મી. જમીન તથા તેની ઉપર મંજુર થયેલ પ્લાન પ્રમાણે .... ચો.મી. કાર્પેટ એરિયા બાંધકામ તથા .... ચો.મી. કાર્પેટ એરિયાની બાલ્કની તથા ..... ચો.મી. કાર્પેટ એરિયા વોશ એરિયા સાથેની મિલકત (જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "સદરહું મિલકત" અગર "મજકુર મિલકત" એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.) જેનું વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં કરવામાં આવેલ છે તે મિલકત કુલ ઉચ્ચક વેચાણ કિંમત રૂા...............(અંકે રૂપિયા..................................પુરા) માં વેચાણ લેનારે વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. જે સદરહું મિલકત આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપનારે વેચાણ લેનારને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. સદરહું મિલકતની વેચાણ કિંમતમાં જી.એસ.ટી.ની રકમનો સમાવેશ થયેલ નથી. વેચાણ કિંમત ઉપર કેન્દ્ર કે રાજ્ય સરકારના વખતો વખતના જી.એસ.ટીના જે વેરા નક્કી થાય તે મુજબની રકમ વેચાણ લેનારે અલગથી ચુકવવાની છે અને રહેશે. જે વેચાણ લેનારને કબુલ મંજુર અને બંધનકર્તા છે.જે અંગેનો બાનાખતનો કરાર તા................ના રોજ અનુક્રમ નં.............થી રજીસ્ટર્ડ કરવામાં આવેલ છે.

"હવે વેચાણ આપનાર વેચાણ લેનારની તરફેણમાં સદરહું મિલકતનો નીચે મુજબનો આ અઘાટ વેચાણ દસ્તાવેજ કરી આપે છે."

(૧) સદરહું મિલકત જેનું વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે તે સદરહું મિલકત વેચાણ આપનારએ વેચાણ લેનારને કુલ ઉચ્ચક વેચાણ

કિંમત રૂ...............(અંકે રૂપિયા.........................પુરા) માં વેચાણ કરેલ છે. જે પુરેપરુી રકમ વેચાણ લેનારએ નીચેની વિગત મુજબ ચુકવી આપી છે.

:: અવેજ મળ્યાની વિગત ::-

રકમ	બેંકનું નામ	ચેક નંબર	તારીખ

(૨) એ રીતે વેચાણનો કુલ અવેજ વેચાણ આપનારને ઉપર દર્શાવ્યા મુજબ મળેલ જેની પાકી પહોંચ વેચાણ લેનારે વેચાણ આપનાર પાસેથી સ્વીકારેલ છે અને મજકુર મિલકતના વેચાણ અવેજ આપવાની જવાબદારીમાંથી વેચાણ લેનારને મુકત કરે છે. વધુમાં સદરહું મિલકત બાબતે વેચાણ લેનારે વેચાણ આપનારને ઉપરોક્ત દર્શાવેલ રકમ સિવાય અન્ય કોઈપણ વધારાની રકમ ચુકવેલ નથી જે વેચાણ લેનાર જાહેર કરે છે.

(૩) વેચાણ આપનારએ પરિશિષ્ટવાળી સદરહું મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો ભોગવટો વેચાણ લેનારને આજ રોજ સુપ્રત કરવામાં આવેલ છે જે વેચાણ લેનારએ સંભાળી દીધેલ છે. જેથી વેચાણ લેનારને સદરહુ મિલકતના કબજા બાબતે કોઇ વાંધો વિરોધ કે તકરાર રહેલ નથી.

(૪) વેચાણ આપનારએ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત તથા તેનાં દરેક પ્રકારના હક્કો, હિત,હિસ્સો અલાખા, ઉપયોગ ઈત્યાદી સહિત વેચાણ લેનારને વેચાણ આપેલ છે તેથી હવે પછીથી નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહુ મિલકત વેચાણ લેનાર કે વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામ ચાંદો સુરજ તપે ત્યાં સુધી, સુખેથી ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે યા ગીરો આપે,બક્ષિસ આપે કે તેમનું દિલ ચાહે તેમ કરે તથા સદરહુ પરિશિષ્ટવાળી મિલકતના કર, વેરા, સેસ વિગેરે ભરવાની જવાબદારી વેચાણ લેનારની છે તેવી જ રીતે સદરહું મિલકત પરત્વેના અન્ય કોઈ સરકારી, અર્ધ સરકારી કે અન્ય સ્થાનિક સંસ્થાનાં આજદિન સુધીના ટેક્ષ, વેરા, સેસ વિગેરે બાકી હોય કે નિકળે તો વેચાણ લેનારે ભરવાના છે તથા આપવાના છે.

(૫) આથી વેચાણ આપનારએ વેચાણ લેનારને બાંહેધરી આપે છે કે વેચાણ આપનારએ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત તબદિલી યાને એસાઈન કરવાનો અને વેચાણ આપવાનો પુરેપુરો હક્ક, અધિકાર છે હવે પછીથી વેચાણ લેનાર આ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત સુખેથી ભોગવે, વશે, વસાવે, વેચે, સાટે યા ગીરો આપે કે તેમનું દિલ ચાહે તેમ કરવા હક્કદાર છે. તેમજ વેચાણ લેનાર કે વેચાણ લેનારના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામ હંમેશ માટે કબજે રાખે તેનો ઉપયોગ કરે તેમાં હવે પછીથી અમો વેચાણ આપનાર કોઈના કોઈપણ પ્રકારનાં સદરહું મિલકત બાબતેના હક્ક, હિત કે સંબંધ હોય તો તે આ લેખથી રદ થાય છે.

(૬) વધુમાં વેચાણ આપનાર વેચાણ લેનારને આથી ખાત્રી અને બાંહેધરી આપે છે કે પરિશિષ્ટવાળી સદહું મિલકત ઉપર કે તે પરત્વે વેચાણ આપનારની કોઈપણ પ્રકારની લોન કે ધિરાણની રકમ કે વ્યાજની કોઈપણ રકમ બાકી નથી તથા સદરહું મિલકત ઉપર કોઈપણ બોજો નથી તેવી જ રીતે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકતમાં પોષાતા ભોગવટાનાં હક્કો તથા માલિકી હક્કો વેચાણ આપનારએ બીજા કોઈને વેચાણ, બક્ષીસ કે અન્ય કોઈપણ પ્રકારે લખી આપેલ કે વેચાણ આપેલ નથી તેમજ તેનાં ઉપર કે પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો ગીરો, બોજો, ચાર્જ કે લીયન કે ખોરાકી, પોષાકી, રહેઠાણ કે બીજા કોઈપણ પ્રકારનો હક્ક, હિસ્સો કે દાવો, અલાખો કે લાગ-ભાગ ઉપસ્થિત

કરેલ નથી તેમજ તેનાં ઉપર કોઈ કોર્ટની ટાંચ, જપ્તી કે અવલ જપ્તી કે કોર્ટનું હુકમનામું નથી તેમજ અમો વેચાણ આપનાર ઉપર સદરહું મિલકતમાં વેચાણ પરત્વે કોઈપણ કોર્ટનો હુકમ નથી તેમજ સદરહું મિલકત અંગે અમોએ કોઈ ટ્રસ્ટ કરેલ નથી કે કોઈપણ સોલવંશી કઢાવેલ નથી તેમજ સદરહું મિલકત જામીનગીરીમાં મુકી કોઈનાં જામીન થયા નથી. વધુમાં સદરહું મિલકત અંગે કે પરત્વે જમીન પ્રાપ્તિધારાની કે અન્ય કોઈપણ ધારા હેઠળ નોટિસ નિકળી નથી કે બજી નથી આમ સદરહું મિલકતના ટાઈટલ્સ ચોખ્ખા, માર્કેટેબલ તથા બોજા રહિત છે તેની આથી અમો વેચાણ આપનાર તમો વેચાણ લેનારને ખાત્રી આપીએ છીએ.

(૭) વધુમાં વેચાણ લેનારે સદરહું મિલકત નીચે જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું જાહેર કરે છે તથા તે બાંહેધરીનાં આધારે વેચાણ આપનારએ સદરહું મિલકતનો આ વેચાણ દસ્તાવેજ વેચાણ લેનારની તરફેણમાં નીચેની શરતોને આધિન કરી આપેલ છે જે વેચાણ લેનાર તથા વેચાણ લેનારના વખતો વખતના વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે. તથા સદરહું મિલકત આ નિતી નિયમોને આધિન રહી વાપરવા હક્કદાર છે.

(એ) સદરહું સ્કીમના કોઈપણ સભ્યોને સદરહું મિલકનાં નંબરમાં કોઈપણ ફેરફાર કરવા દેવામાં આવશે નહીં તેમજ કરી શકશે પણ નહી.

(બી) સદરહું મિલકત કે સદરહું સ્કીમનાં સ્પેશીફીકેશનમાં કે બાંધકામમાં વેચાણ લેનાર કોઈપણ વખત કોઈપણ ફેરફાર કરવા હક્કદાર નથી.

(સી) વેચાણ લેનાર જાહેર કરે છે કે, સદરહું મિલકતના સ્પેશીફીકેશન, સદરહું મિલકતનો એરિયા/ક્ષેત્રફળ, બાંધકામની ગુણવત્તા, પ્લાન, લોકેશન, કાયદાકીય કાગળો વિગેરે તમામ વિગતો તેમણે તેમના અનુભવી અને જાણકાર કાયદેસરના સલાહકારો પાસે વખતો વખત બરાબર જોઈ તપાસ કરાવેલ છે અને સંતોષ પામેલ છે અને ત્યારબાદ સદરહું મિલકતની ખરીદ કિંમત ચુકવી ખરીદી અંગેનો આ વેચાણ દસ્તાવેજ કરવા બાબતે વેચાણ આપનાર સંમત થયેલ છે.

(ડી) વધુમાં વેચાણ લેનારે પોતાના વાહનો મંજુર થયેલ પ્લાનમાં દર્શાવેલ પાર્કિંગની જગ્યા સિવાયની અન્ય કોઈપણ ખુલ્લી કે માર્જીનની કે અન્ય કોઈ જગ્યામાં પાર્કિંગ કરી શકશે નહીં.

(ઈ) સદરહું સ્કીમમાં આપવામાં આવેલ કોમન સુવિધા સ્કીમની સગવડો તથા સઉલતો વેચાણ લેનારે સદરહુ સ્કીમનાં અન્ય સભ્યો સાથે મળી ઉપયોગ તથા ઉપભોગ કરવાનો રહેશે તથા તે બાબતે કોઈપણ તકરાર કે ફેરફાર કરવા હક્કદાર નથી.

(એફ) વેચાણ લેનારે સદરહુ સ્કીમની કોમન સુવિધાવાળી જગ્યામાં કોઈપણ જાતનું બાંધકામ કે અન્ય રીતે અડચણ કે અગવડ ઉભી થાય તેવું કૃત્ય કરશે નહીં તેમજ તેવી મિલકતમાં ગેરકાયદેસર કબજો કે દબાણ કરશે નહીં.

(જી) વેચાણ લેનારે સદરહું મિલકત તથા કોમન સુવિધાઓ તથા કોમન પેસેજમાં ગંદકી કે ગંદવાડ થાય તેવું કૃત્ય કરશે કે કરાવશે નહીં.

(એચ) વેચાણ લેનારે સદરહું મિલકતની દિવાલોમાં એવું કૃત્ય કે કાર્ય કરશે નહીં જેને કારણે દિવાલનું બાંધકામ નબળુ પડે અથવા દિવાલોને કે કોમન દિવાલને નુકશાન થાય તથા ભોંયતળીયા કે ખુલ્લી જગ્યા કે માર્જીનની જગ્યામાં કોઈપણ પ્રકારનું ખોદકામ કે બાંધકામ કરશે નહીં જેનાથી હયાત ગટર લાઈન, ઈલેક્ટ્રીક લાઈન, પાણીની લાઈન કે તે સ્કીમ અંગેની કોઈપણ હયાત લાઈનો તથા વ્યવસ્થામાં કોઈ નુકશાન થાય અને જો આવુ કોઈપણ કૃત્ય વેચાણ કરશે તો તે ગેરકાનુની ગણાશે તથા તે બાબતેની તથા તે બાબતેનાં નુકશાનની સંપૂર્ણ કાયદાકીય તથા આર્થિક જવાબદારી વેચાણ લેનારની છે અને રહેશે.

(આઈ) રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ સદરહું યોજનાના બિલ્ડીંગમાં કોઈપણ પ્રકારની માળખાકીય ખામી વેચાણ આપનાર દ્વારા મજકુર મિલકતનો કબજો વેચાણ લેનારને સોંપવામાં આવે તે તારીખથી પાંચ વર્ષની અંદર બીજીતરફવાળા ધ્વારા એકતરફવાળાની લેખિતમાં જાણ ઉપર લાવવામાં આવશે તો એકતરફવાળાએ તેવી માળખાકીય ખામી

કોઈપણ પ્રકારનો વધારાનો અવેજ લીધા સિવાય દુર કરી આપવાની રહેશે અને એકતરફવાળા જો આવી ખામી દુર કરવામાં નિષ્ફળ જાય તેવાં સંજોગોમાં બીજીતરફવાળા રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ,૨૦૧૬ ની જોગવાઈઓ મુજબ વળતર મેળવવા હક્કદાર બનશે. વધુમાં તમો વેચાણ લેનાર જાણો છો કે વેચાણ લેનાર દ્વારા ફ્લોરીંગ પર આવેલ ટાઈલ્સ ધોવા માટે એસીડનો વધારે પડતો ઉપયોગ તથા દિવાલોમાં તોડફોડ વિગેરે કારણસર ઉપરા ઉપર બાંધેલા યુનીટનાં બિલ્ડીંગમાં સંડાસ, બાથરૂમ વિગેરેની જગ્યામાંથી પાણી લિકેજ થાય અને તેના લીધે પાણી નીચે કે પડોશની જગ્યામાં જાય છે.તો તેનાથી નુકશાન થવાનો સંભવ છે. પાણી જે સહેલાઈથી છટકે અને વહે તેવો પ્રવાહી પદાર્થ છે જેથી આવું લીકેજ બાંધકામની ગુણવત્તા સિવાય પણ સંભવી શકે છે જેથી વેચાણ લેનારે ફ્લોરીંગ પર આવેલ ટાઈલ્સ ધોવા માટે એસીડનો, વોશીંગ મશીનની ધ્રુજારી, ગરમ તથા સખત પાણીનો રફ વધારે પડતો કરવો નહી.

(જે) સદરહુ મિલકતના બારી-બારણા લાકડા, લોખંડ તથા એલ્યુમીનીયમથી બનાવેલા છે. લાકડું ચોમાસાના ભેજને કારણે ફુલે છે. તે બાબત કુદરતી અને સામાન્ય છે. તેવે વખતે બારણાં વાખતાં તકલીફ થાય તે પણ સ્વભાવિક છે. તે ચોમાસામાં બગડે તેવો સંભવ છે. આમ તેવી તકલીફ બાબતે તમો વેચાણ લેનાર ભવિષ્યમાં કોઈ ફરીયાદ વેચાણ આપનાર સામે કરવાની નથી. વેચાણ આપનારા તે માટે જવાબદાર બનશે નહિં. તેમાં તમો વેચાણ લેનારની સંમતી છે.

(કે) વેચાણ લેનારે સદરહું મિલકતમાં કોઈપણ પ્રકારનો સ્ફોટક વસ્તુ/પદાર્થ કે ગેરકાયદેસર ઠરેલી વસ્તુ/પદાર્થ રાખી શકશે નહીં.

(એલ) વેચાણ લેનારે સદરહું મિલકતનો ઉપયોગ કાયદાની મર્યાદામાં રહીને ખાલી રહેણાંકના હેતુ પુરતો જ કરી શકશે અને ધંધાકીય કે વેપારી પ્રવૃતિ માટે ઉપયોગ કરી શકશે નહી.

(એમ) વિશેષમાં આ દસ્તાવેજ થયા બાદ અથવા કબજો મેળવી લીધા બાદ કુદરતી આપતીઓ જેવી કે આગ, અતિવૃષ્ટિ, સાયકલોન કે ધરતીકંપ

અન્યથા તેવા કોઈપણ પ્રકારે કે કારણોસર સદરહું મિલકત કે સ્કીમને નુકશાન થવા પામશે અને અગર કોઈપણ પ્રકારની જાનહાની થશે કે થવા પામશે તો તેની કોઈપણ જવાબદારી વેચાણ આપનારની રહેશે નહીં અને થયેલ નુકશાન વેચાણ લેનારે ભોગવવાનું રહેશે અને આ બાબતે વેચાણ લેનાર કોઈપણ પ્રકારનો વાદ કે વિવાદ કે પ્રવર્તમાન કાયદા હેઠળ કોઈપણ કોર્ટમાં દાવો કરશે નહીં તેની આથી વેચાણ લેનાર વેચાણ આપનારને બાંહેધરી આપે છે.

(એન) વેચાણ લેનારે સદરહું મિલકત અંગેનો કબજો મેળવ્યા બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પંચાયત, જી.ઈ.બી./યુ.જી.વી.સી.એલ. રેવન્યુ રેકર્ડ કે અન્ય સ્થાનિક સંસ્થામાં વેચાણ લેનારના ખર્ચ અને જોખમે તેઓનુ નામ દાખલ કરવાનુ રહેશે. તથા સદરહું મિલકતને લગતા કરવોરા, સેસ, જી.એસ.ટી. ટેકસ વિગેરે સમયસર ભરપાઈ કરી આપશે. તથા તેમાં થતા વખતો વખતના ફેરફાર પ્રમાણે ભરવા બાંહેધરી આપે છે.

(ઓ) વેચાણ લેનાર કે અન્ય યુનીટ ધારકો કોઈપણ સમયે ભવિષ્યમાં સ્કીમનું નામ **''સહર્ષ વિલા''** એ નામ બદલી શકશે નહીં.

(પી) સદરહું મિલકત બાબતે સરકારશ્રી દ્વારા જે કોઈપણ પ્રકારના ટેક્ષ/વેરા આજરોજ બાદ ભવિષ્યમાં વસુલ કરવામાં આવે તે તમામ ભરપાઈ કરવાની સંપૂર્ણ કાયદાકીય તથા આર્થિક જવાબદારી વેચાણ લેનારની છે અને રહેશે અને તેની રકમ અલગથી આપવાની રહેશે તથા આવા કોઈપણ ટેક્ષ કે વેરા વેચાણ આપનારા ભરપાઈ કરવા જવાબદાર રહેશે નહીં.

(કયુ) સદરહું યોજનાની તમામ સહીયારી જમીન તથા તમામ પ્રકારની કોમન સગવડોનાં નિભાવ, વહીવટ તથા મેઈન્ટેનન્સ અંગે ભવિષ્યમાં સર્વિસ સોસાયટીની રચના કરવામાં આવશે અને તમો વેચાણ લેનાર તથા સદર યોજનાના અન્ય તમામ સભાસદોએ સદરહું રજીસ્ટર્ડ થનાર સર્વિસ સોસાયટીનાં કાયદા, પેટાકાયદા, નિયમો અને પેટા નિયમો તથા વખતો વખતનાં ઠરાવો તથા જે કોઈ લખાણો કે કરારો

કર્યા હોય અગર ભવિષ્યમાં કરે કરાવે તો તે તથા સર્વિસ સોસાયટીનાં તમામ કાયદા અને નિયમો તથા ઠરાવોનું તથા વેચાણ લેનારે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદરહું સ્કીમમાં આવેલ કોમન સુવિધા તથા વણ વહેંચાયેલ જમીન સદરહુ રચવામાં આવનાર સોસાયટીની તરફેણમાં કરવા સારૂ જે કોઈ લખાણો એકતરફવાળા અને સદરહું રચવામાં આવનાર સર્વિસ સોસાયટીની વચ્ચે કરવા પડે તેવા લખાણો એકતરફવાળાએ કરી આપનાર રહેશે અને તે અંગેનો તમામ ખર્ચ સદરહું રચવામાં આવનાર સોસાયટી તથા સભ્યોએ ભોગવવવાનો છે અને રહેશે. તેમજ સદરહું સ્કીમમાં આવેલ કોમન એમેનીટીઝ, ફેસેલીટીઝ વિગેરે તમામ મિલકતો, ચીજવસ્તુઓની લાંબા સમય સુધી યોગ્ય જાળવણી તથા દેખરેખ અર્થે જે કોમન ખર્ચ લેવાનો સોસાયટીના વખતો વખત નક્કી થાય તે મુજબ સોસાયટીમાં વેચાણ લેનારે જમા કરાવશે તેની બાંહેધરી આપે છે. જે આ દસ્તાવેજની મહત્વની શરત છે.

(આર) પ્રમોટર આથી એવી સ્પષ્ટતા તેમજ જાહેર કરે છે કે સદરહુ યોજનામાં કરવામાં આવેલ બાંધકામની બી.યુ. પરમીશન (વસવાટનું પ્રમાણપત્ર) મળ્યેથી સદરહુ યોજનામાં વધેલી એફ.એસ.આઈ. તથા ભવિષ્યમાં મળવાપાત્ર કોઈપણ એફ.એસ.આઈમાં અમો પ્રમોટરના કોઈ હક્ક કે હિસ્સો રહેતો નથી. અને આથી સદરહુ યોજનામાં ભવિષ્યમાં જે કોઈ એફ.એસ.આઈ મળવાપાત્ર થાય તો તેવી એફ.એસ.આઈના હક્કદાર તમો એશોસિએશન ઓફ એલોટીની એટલે કે સોસાયટીની રહેશે.

(૮) આ દસ્તાવેજના પક્ષકારો વચ્ચે જો કોઈ વાદ-વિવાદ ઉપસ્થિત થાય તો તે વાદ-વિવાદનો ઉકેલ રીયલ એસ્ટેટ (રેગ્લુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) ઍક્ટ, ૨૦૧૬ ની વખતવો વખત લાગુ પડતી જોગવાઈ મુજબ લાવવાનો રહેશે.

(૯) આ દસ્તાવેજની કોઈપણ જોવાઈ, ઉક્ત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો અને વિનિયમો હેઠળ લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનુ નક્કી કરવામાં આવે તો આવી

જોગવાઈઓ આ દસ્તાવેજના હેતુ સાથે અસંગત હોય તેટલા પુરતી ઓ આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી અથવા રદ થયેલી ગણાશે અને આ દસ્તાવેજના અમલ વખતે લાગુ પડતી હતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

(૧૦) મજકુર સ્કીમમાં દરેક બંગલાઓની પાર્કિંગ તથા બે બંગલોઝથી વચ્ચેની જે જગ્યા ખુલ્લી રાખેલ છે તે જગ્યામાં કોઈપણ સભ્યોએ દિવાલ કે કંપાઉન્ડ વોલ બનાવી શકે નહી જે બીજીતરફવાળાને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે.

(૧૧) આ વેચાણ દસ્તાવેજ તથા વેચાણનાં વ્યવહાર પૂર્ણ કરવા બાબતેના આ દસ્તાવેજ અંગેનો ખર્ચ જેવુ કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, લખામણી તથા વકીલ ફી,કોમ્પ્યુટર કે ટાઈપીંગ વિગેરે તમામ ખર્ચ વેચાણ લેનારે ભોગવવાનો છે.

(૧૨) વેચાણ લેનારે સદરહું મિલકત ખરીદતા પહેલા સદરહું સમગ્ર જમીન તથા સદરહુ મિલકતના ટાઈટલ જોઈ તપાસી લીધેલ છે અને તે બાબતેનાં ટાઈટલ સંતોષ લીધા બાદ તેમણે સદરહું મિલકત ખરીદ કરવાનું નક્કી કરેલ તથા આ દસ્તાવેજ વેચાણ લેનારે પોતાની તરફેણમાં કરાવેલ છે અને તે આધારે હવે સદરહું સમગ્ર જમીન તથા સદરહું સ્કીમ કે સદરહું મિલકતનાં ટાઈટલ બાબતે વેચાણ લેનાર કોઈ જ વાંધો કે તકરાર ઉભો કરે નહીં તેવી સ્પષ્ટ સમજણ સાથે વેચાણ લેનાર સદરહું મિલકતનો આ દસ્તાવેજ વેચાણ આપનાર પાસેથી કરાવેલ છે.

સદરહું મિલ્કતનાં નંબર માપ તથા ચાર ખુંટની વિગત નીચે પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે.

-:: પરિશિષ્ટ ::-

(આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતનું વર્ણન)

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ **ગાંધીનગરના** મોજે **કોબા** ગામની સીમમાં આવેલ **ખાતા નંબર : ૨૩** ના **બ્લોક/સર્વે નંબર : ૨૦૬/૧** ની હે.આરે.૦-૭૧-૭૫ ચો.મી. જમીન કે જેનો **ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર : ૧ માં** સમાવેશ થતાં ફાળવવામાં આવેલ **ફાઈનલ પ્લોટ નંબર : ૪૮ ની ૪૬૬૩ ચો.મી** રહેણાંક હેતુ માટેની બીનખેતીની જમીનમાં મુકવામાં આવેલ **''સહર્ષ વિલા''** નામની સ્કીમમાં બાંધવામાં આવેલ બંગલોઝ પૈકી બંગલોઝ નંબર : .... ની ....ચો.મી. જમીન તથા મજકુર સ્કીમમાં આવેલ સહીયારા રસ્તા અને કોમન પ્લોટમાં આવેલ વગર વહેંચાયેલા હિસ્સાની ....ચો.મી. જમીન એમ મળી કુલ.........ચો.મી. જમીન તથા તેની ઉપર મંજુર થયેલ પ્લાન પ્રમાણે.......ચો.મી. કાર્પેટ એરિયા બાંધકામ તથા ....ચો.મી. કાર્પેટ એરિયાની બાલ્કની તથા .....ચો.મી. કાર્પેટ એરિયા વોશ એરિયા સાથેની મિલકત

:: ખુંટ વર્ણન :-

પૂર્વે : ....

પશ્ચિમે : ....

ઉત્તરે : ....

દક્ષિણે : ....

એ રીતે ઉપરોક્ત વેચાણ દસ્તાવેજ આપણે બંન્ને પક્ષકારોએ વાંચી, વંચાવી, સમજી, વિચારી, રાજીખુશીથી તેમજ અક્કલ હોશીયારીથી કોઈપણ જાતના દાબ-દબાણ વગર, લાલચ, પ્રલોભન કે શેહ શરમ વગર, સ્વતંત્ર રીતે બે સાક્ષીઓની રૂબરૂ સહી કરેલ છે.જે આપણે સર્વે પક્ષકારોને તથા આપણા વંશ,વાલી,વારસો, એસાઈનીઓ, સકસેસરો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે.

આજ રોજ તારીખ :   /   /૨૦૨૧ ના દિને શહેર ગાંધીનગર મુકામે

અત્રે--------------------------મતુ   અત્રે-------------------------શાખ

<u>એકતરફવાળાની સહી</u>

મેસર્સ આરવ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી

વતી અને તરફથી તેના ભાગીદાર/વહીવટકર્તા

-----------------------------------   -------------------------

૧. કમલેશભાઈ વરવાભાઈ પટેલ

-----------------------------------   -------------------------

૨. પટેલ ચેતનકુમાર પુરસોત્તમદાસ

:: ધી રજીસ્ટ્રેશન એક્ટની કલમ : ૩૨/અ મુજબનું પરિશિષ્ટ ::

લખી આપનારની સહી	ફોટોગ્રાફ	અંગુઠાની છાપ
મેસર્સ આરવ ડેવલપર્સ એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના ભાગીદાર/વહીવટકર્તા		
--------------------------- ૧. કમલેશભાઈ વરવાભાઈ પટેલ		
---------------------------- ૨. પટેલ ચેતનકુમાર પુરસોત્તમદાસ		
લખાવી લેનારની સહી	**ફોટોગ્રાફ**	**અંગુઠાની છાપ**
--------------------------- (૧)		
---------------------------- (૨)		

-:: વેચાણ આપેલ મિલ્કતનો ફોટોગ્રાફ ::-

મિલ્કતનું પોસ્ટલ એડ્રેસ	:	બંગલોઝ નં..........., ''સહર્ષ વિલા'' મુ.કોબા, તા.જી. ગાંધીનગર

વેચાણ આપનારની સહી : ....

વેચાણ લેનારની સહી : ....

-:: વેચાણ આપેલ મિલ્કતનો ફોટોગ્રાફ ::-

મિલ્કતનું પોસ્ટલ એડ્રેસ	:	બંગલોઝ નં.........., ''સહર્ષ વિલા'' મુ.કોબા, તા.જી. ગાંધીનગર

વેચાણ આપનારની સહી : **..**

વેચાણ લેનારની સહી : **..**

દસ્તાવેજ નંબર : .... તા. ..../   /૨૦૨૧

:: પરિશિષ્ટ ::

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ ૩૪ ની પેટા કલમ-૩ મુજબનું ચેક લીસ્ટ

અ.નં.	પ્રશ્ન	જવાબ (હા કે ના)
લખી આપનાર,સંમતિ આપનાર કે તેઓના કુ.મુ. ને પુછવાના પ્રશ્નો :		
૧	**જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ** રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ **ગાંધીનગરના** મોજે **કોબા** ગામની સીમમાં આવેલ **સર્વે નં.૨૦૬/૧** ની હે.આરે.૦-૭૧-૭૫ **ચો.મી.** . ક્ષેત્રફળ પૈકી **૪૬૬૩.૭૫ ચો.મી.** જમીન કે જેનો **ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૧ માં** સમાવેશ થતાં ફાળવવામાં આવેલ **ફાઈનલ પ્લોટ નં.૪૮ ની ૪૬૬૩ ચો.મી.** રહેણાંક હેતુ માટેની બીનખેતીની જમીનમાં મુકવામાં આવેલ **"સહર્ષ વિલા"**નામની સ્કીમમાં બાંધવામાં આવેલ બંગલોઝ નં........... **વાળી મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે ?**	હા
૨	**દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબ** બંગલોઝ નં...........ની ....ચો.મી. જમીન તથા મજકુર સ્કીમમાં આવેલ સહીયારા રસ્તા અને કોમન પ્લોટમાં આવેલ વગર વહેંચાયેલા હિસ્સાની ....ચો.મી. જમીન એમ મળી કુલ.........ચો.મી. જમીન તથા તેની ઉપર મંજુર થયેલ પ્લાન પ્રમાણે.......ચો.મી. કાર્પેટ એરિયા બાંધકામ તથા ....ચો.મી. કાર્પેટ એરિયાની બાલ્કની તથા .....ચો.મી. કાર્પેટ એરિયા વોશ એરિયા સાથેની મિલકત **માટે લેખ કરી આપેલ છે ?**	હા
૩	**લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ રૂા........................... ..../- મળેલ છે?**	હા
૪	**લેખમાં દર્શાવેલ વિગતો વાંચી,વંચાવીને,સમજી,વિચારીને તમે પોતે જાતે જ સહી /અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો ?**	હા
૫	**ઓળખાણ આપવા સારુ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો?**	હા
ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો		
૧	**દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો?**	હા
૨	**દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે?**	હા
૩	**કોઇ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો ?**	હા

લખી આપનાર/ સંમતિ આપનાર/ કુ.મુ.ની સહી **ઓળખાણ આપનારની સહી**

....

....

(સહી)

સબ રજીસ્ટ્રાર ગાંધીનગરઃ ....